નંબરઃ ૧૦૦/કો.સેલ/વે.અ/ /૨૦૨૨
પોલીસ અધિક્ષકની કચેરી, અમરેલી
તા. /૧૧/૨૦૨૨

**પ્રતિ,**
અધિક પોલીસ મહાનિદેશકશ્રી,
તકનીકી સેવાઓ તથા એસ.સી.આર.બી,
ગુ.રા,ગાંધીનગર

**વિષયઃ -** અમરેલી જીલ્લા પોલીસ દ્વારા કરવામા આવેલ સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબત.

**સંદર્ભઃ** -(૧) આપશ્રીની કચેરીના ક્રમાંકઃ-૧/ક્રાઇમ/ટે-ર/સારીકામગીરી/૧૨/૧૭૮૧ તા.૨૨/૫/૧૨
(૨) આપ સાહેબશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃજી-૧/ક્રાઇમ/ટે-ર /સારીકામગીરી / ૧૨/૧૭૮૫ તા.૨૩/૫/૧૨ અન્વયે

**શ્રીમાન,**

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે,અત્રેના જીલ્લાની પોલીસ વેબસાઇટ પર જીલ્લા દ્વારા કરવામા આવેલ સારી કામગીરી ને વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે આપશ્રી તરફથી થયેલ સુચના મુજબ અત્રેના જીલ્લાની સારી કામગીરી (તા.૧૦/૧૦/૨૦૨૨ થી તા.૧૬/૧૦/૨૦૨૨) સુધીની માહિતી નીચે મુજબ છે.

જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

(એ.જી.ગોહિલ)
નાયબ પોલીસ અધિક્ષક(મુ.મ)
અને
નોડલ અધિકારી
અમરેલી

**નકલ સવિનય રવાનાઃ-**
પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર

# <u>પ્રેસનોટ – તા.૧૦/૧૦/૨૦૨૨</u>

## <u>લાઠી પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુ.રા. ગાંધીનગર** નાઓ દ્વારા **<u>તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૧૫/૧૦/૨૦૨૨</u>** સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા **ખાસ ડ્રાઇવનું** આયોજન કરવામાં આવેલ હોય, **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ તથા **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, નાસતા ફરતા આરોપીઓ અંગે માહિતી મેળવી, તેમને પકડી પાડી, તેમના વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમે** આજ રોજ તા.૧૦/૧૦/૨૦૨૨ નાં લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે **<u>લાઠી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૪૨૧૦૫૧૧/ ૨૦૨૧, ગુજરાત પ્રોહિબીશન એક્ટ કલમ ૬૫(એ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨)</u>** મુજબના કામે પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને લાઠી ખાતેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ **લાઠી પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**ઉપેન્દ્રભાઇ રસીકભાઇ રાઠોડ, ઉ.વ.૪૭, રહે.સુરત, પુણાગામ, હસ્તીનાપુર સોસાયટી, જિ.સુરત.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ. શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – તા.૧૧/૧૦/૨૦૨૨

## જાફરાબાદ ટાઉનમાં વરલી મટકાનો જુગાર રમી રમાડતા ચાર ઇમસોને રોકડ, મોબાઇલ ફોન  સહિત કુલ કિં.રૂ.૧૯,૮૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની  બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા અંગે **સ્પેશ્યલ ડ્રાઇવ**નું આયોજન કરેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **પોલીસ સબ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી.ટીમ** ગઇ કાલ તા.૧૦/૧૦/૨૦૨૨ નાં રોજ જાફરાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે રેઇડ દરમ્યાન ચાર ઇસમોને જાહેરમાં વરલી મટકાના આંકડા લઇ જુગાર રમી રમાડતા રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, ચારેય ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ **જાફરાબાદ પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે

.➩ **વરલી મટકાનો જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-**

(૧) મનુભાઇ કરશનભાઇ બારૈયા, ઉ.વ.૫૨, રહે.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) રમેશભાઇ બાબુભાઇ બારૈયા, ઉ.વ.૪૭, રહે.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૩) જાદવભાઇ જીવાભાઇ ચૌહાણ, ઉ.વ.૪૭, રહે.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૪) અલીભાઇ કરીમભાઇ સોરઠીયા, ઉ.વ.૬૫, રહે.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➩ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૮,૩૮૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૫ કિં.રૂ.૧૧,૫૦૦/- તથા વરલી મટકાનું સાહિત્ય કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૯,૮૮૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ – તા.૧૨/૧૦/૨૦૨૨</u>

## <u>અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના કોલડા ગામે રાત્રે લુંટ કરવાના ઇરાદે લોખંડની કોશ વડે દરવાજો તોડી, ઘરમાં પ્રવેશ કરી, સુતેલા વૃધ્ધ દંપતી ઉપર હુમલો કરી, તેમના ગળા દબાવી, લુંટ કરવાની કોશિષ કરેલ તે અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી મધ્યપ્રદેશની લુંટારૂ ગેંગના ચારેય આરોપીઓને પકડી પાડી, ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

➩ **<u>ગુનાની વિગતઃ-</u>**

અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકાના કોલડા ગામે મગનભાઇ શામજીભાઇ સોરઠીયા, ઉં.વ.૬૬ પોતાના પત્ની મંજુલાબેન સાથે એકલા રહેતા હતાં અને ખેતી કરતાં હતાં. ગઇ તા.૦૩/૧૦/૨૦૨૨ ના રાત્રિ દરમિયાન મગનભાઇ તથા તેમના પત્ની મંજુલાબેન તેમના ઘરે ઓસરીમાં સુતા હતાં તે દરમિયાન અજાણ્યા ચોર ઇસમોએ મગનભાઇના ઘરનો પાછળનો દરવાજો લોખંડની કોશ વડે તોડી, ચોરી/લુંટ કરવાના ઇરાદે ઘરમાં પ્રવેશ કરેલ, તથા ઓસરીમાં સુઇ રહેલા મગનભાઇ તથા મંજુલાબેનના ગળા દબોચવાનો પ્રયત્ન કરેલ. જેથી મગનભાઇ તથા મંજુલાબેન જાગી જતાં, ઝપા-ઝપી થતાં અને રાડા-રાડ કરવા લાગતાં, આ અજાણ્યા ચોર ઇસમો નાસી ગયેલ. જે અંગે મગનભાઇ શામજીભાઇ સોરઠીયા, રહે.કોલડા વાળાએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતાં **<u>વડીયા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૦૨૨૦૩૭૨/૨૦૨૨, આઇ.પી.સી.કલમ ૩૯૩, ૪૫૬, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫</u>** મુજબનો ગુનો રજી. થયેલ.

રાત્રિના સમયે લુંટની કોશિષ જેવો ગંભીર બનાવ બનતાં, ઉચ્ચ પોલીસ અધિકારીઓ ગુનાવાળી જગ્યાએ પહોંચી ગયેલ અને તેમના માર્ગદર્શન હેઠળ આ ગુનાની તપાસ વડીયા પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રીનાઓ દ્વારા હાથ ધરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા લુંટની કોશિષ જેવા જેવા ગંભીર અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ લુંટનો પ્રયાસ કરી, નાસી જનાર અજાણ્યા આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી., તથા વડીયા પોલીસ સ્ટેશન**ની જુદી જુદી ટીમો બનાવી, આરોપીઓને પકડી પાડવા માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. તથા વડીયા પો.સ્ટે.ની પોલીસ ટીમો** દ્વારા અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. શકદારોને ચેક કરવામાં આવેલ. ગુના વાળી જગ્યાની આજુબાજુમાં રહેતા રહીશો તથા ભોગ બનનાર દંપતીના સગા સબંધીઓની પુછપરછ કરી, આ ગુનો બનવા પાછળના કારણ અંગે તપાસ કરવામાં આવેલ. અંગત બાતમીદારો અને ટેકનીકલ સોર્સ દ્વારા અજાણ્યા આરોપીઓ અંગે તપાસ કરવામાં આવેલ. આરોપીઓ ગુનાને અંજામ આપી, નાસી જતી વખતે આરોપીઓ જે રસ્તાઓનો ઉપયોગ કરી શકે તેવા સંભવિત તમામ રસ્તાઓ પરના સી.સી.ટી.વી. ફુટેજનો જીણવટ ભરી રીતે અભ્યાસ કરવામાં આવેલ. આ ગુનો બનેલ તે વિસ્તારની તથા આજુ-બાજુના વિસ્તારની તમામ વાડીઓએ કામ કરતાં મજુરોની પુછપરછ કરવામાં આવેલ અને બનાવના સમયે તેઓની હાજરી ક્યાં હતી તે અંગે તપાસ

કરવામાં આવેલ. તપાસ દરમ્યાન એલ.સી.બી. ટીમે ટેકનીકલ સર્વેલન્સથી શકમંદ ઇસમોની તપાસ કરતાં એક ઇસમને મધ્યપ્રદેશના ધાર જિલ્લાના ઉકાલા ગામેથી, એક ઇસમને મોરબી જિલ્લાના જીવાપર ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી, એક ઇસમને વડીયા તાલુકાના તોરી ગામના વાડી વિસ્તારમાંથી અને એક ઇસમને મોટી કુંકાવાવ ગામના વાડી વિસ્તારમાંથી રાઉન્ડ અપ કરી, તેમની સઘન પુછપરછ કરતાં તેઓએ આ ગુનાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

➯ **<u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>**

**(૧) મુકામસીંગ ઉર્ફે મુકેશ ભોલીયાભાઇ માવી, ઉં.વ.૨૧, ધંધો.ખેત મજુરી, રહે.ગામ-ઉકાલા, તાડ ફળીયું, તા.કુકશી, પોલીસ થાણું- ટાંડા, જિ.ધાર, <u>હાલ રહે.</u> કોલડા ગામ, સુરેશભાઇ બાવભાઇ સોરઠીયાની વાડીએ, તા.કુંકાવાવ-વડીયા, જિ.અમરેલી.**

**(૨) દિલીપ મંગલ્યા વાસ્કેલીયા, ઉં.વ.૨૨, ધંધો.મજુરી, રહે.ગામ-ડોબણી, માલપર, તા.કુકશી, પોલીસ થાણું- ટાંડા, જિ.ધાર, <u>હાલ રહે.</u> લેમોરેક્સ કંપનીના ક્વાર્ટરમાં, પીપળી જેતપુર રોડ, જીવાપર, સીયારામ ઓફિસની બાજુમાં, મોરબી.**

**(૩) જહરસીંગ ઉર્ફે ગુડીયો ઉર્ફે ઠાકુર હીરાસીંગ માવી, ઉં.વ.૧૯, ધંધો.ખેત મજુરી, રહે.ગામ-ઉકાલા, માવી ફળીયું, તા.કુકશી, પોલીસ થાણું- ટાંડા, જિ.ધાર, <u>હાલ રહે.</u> તોરી ગામ, ભરતભાઇ પોશીયાની વાડીએ, તા.કુંકાવાવ-વડીયા, જિ.અમરેલી.**

**(૪) વિક્રમ કુલસીંગ ગાવડ,ઉં.વ.૨૦, ધંધો.ખેત મજુરી, રહે.ગામ-જાંબલી, લીંબડી ફળીયું, તા.જોબટ, જિ.અલીરાજપુર, <u>હાલ રહે.</u> મોટી કુંકાવાવ ગામ, કાળુભાઇ માથુકીયાની વાડીએ, તા.કુંકાવાવ-વડીયા, જિ.અમરેલી.**

➯ **<u>પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-</u>**

પકડાયેલ આરોપીઓ પૈકીનો મુકામસીંગ ઉર્ફે મુકેશ ભોલીયાભાઇ માવીનો મોટો ભાઇ સેકડાભાઇ છેલ્લા ચાર-પાંચ વર્ષથી કોલડા ગામે ખેત મજુરી કરતો હતો અને છેલ્લે ફરિયાદી મગનભાઇના કુટુંબી ભાઇ સુરેશભાઇ બાવભાઇ સોરઠીયાની વાડીએ ખેત મજુરી કામ કરતો હતો. જેથી મુકામસીંગ ત્યા મજુરી કરવા આવતો જતો હોય અને તેઓ માલ-સામાન લેવા વાડીએથી ગામમાં આવતા ત્યારે ફરિયાદીનું ઘર તેમણે જોયેલ હતું તથા તેમના ઘરની આજુબાજુની પરિસ્થિતીનો તાગ મેળવી લીધેલ હતો. ફરિયાદી મગનભાઇ પોતાના પત્ની મંજુલાબેન સાથે એકલા રહે છે અને આર્થિક રીતે સમૃધ્ધ છે, તેવી તેઓને પ્રથમથી જ ખબર હતી.

આ ગુનાને અંજામ આપવા મુકામસીંગ ઉર્ફે મુકેશ ભોલીયાભાઇ માવીએ સબંધમાં પોતાના કુટુંબી જીજાજી એવા દિલીપ મંગલ્યા વાસ્કેલીયાને ફોન કરી, મોરબીથી કોલડા બોલાવેલ હતો. દિલીપ મંગલ્યા વાસ્કેલીયા મોટી કુંકાવાવ પહોંચેલ ત્યારે મુકામસીંગે તેને લેવા માટે પોતાના ગામના જહરસીંગ ઉર્ફે ગુડીયો ઉર્ફે ઠાકુર હીરાસીંગ માવીને મોકલેલ.

મોટી કુંકાવાવ પહોંચેલા દિલીપ મંગલ્યા વાસ્કેલીયા તથા મોટી કુંકાવાવ ગામે વાડી વિસ્તારમાં રહેતાં પોતાના મિત્ર વિક્રમ કુલસીંગ ગાવડને લઇને જહરસીંગ ઉર્ફે ગુડીયો ઉર્ફે ઠાકુર હીરાસીંગ માવી, કોલડા ગામે સુરેશભાઇ બાવભાઇ સોરઠીયાની તળાવ પાસે આવેલ વાડીએ ગયેલ. ત્યાં મુકામસીંગ ઉર્ફે મુકેશ

ભોલીયાભાઇ માવી હાજર હતો, પછી ચારેય જણાએ ભેગા થઇને મોડી રાત્રે મગનભાઇ સોરઠીયાના ઘરે લુંટ કરવાનો પ્લાન બનાવેલ.

રાત્રે બધા સુઇ ગયા બાદ આ ચારેય આરોપીઓ સુરેશભાઇની વાડીએ મોટર સાયકલ મુકીને, આ વાડીએ પડેલ લોખંડની કોશ લઇ, પગપાળા ચાલીને ફરિયાદીના ઘર પાસે ગયેલ અને ઘરની પાછળનો દરવાજો લાકડાનો હોય, લોખંડની કોશની મદદથી દરવાજો તોડી, મુકામસીંગ ઉર્ફે મુકેશ ભોલીયાભાઇ માવી તથા દિલીપ મંગલ્યા વાસ્કેલીયા એમ બે જણા ઘરની અંદર ગયેલ અને જહરસીંગ ઉર્ફે ગુડીયો ઉર્ફે ઠાકુર અને વિક્રમસીંગ એમ બે જણા ધ્યાન રાખવા માટે ઘરના દરવાજા ઉપર ઉભા રહેલ. અંદર જઇ, દિલીપે મગનભાઇને પકડી લીધેલ અને મંજુલાબેનને મુકામસીંગે પકડી લીધેલ અને તે બંનેના ગળાના ભાગે દબોચવા જતાં, બંને જાગી જતાં, ઝપા ઝપી થતા, રાડા-રાડ કરવા લાગતાં, આ ચારેય આરોપીઓ લોખંડની કોશ ત્યાં જ મુકીને નાસી ગયેલ. આ બનાવ બાદ દિલીપ મંગલ્યા વાસ્કેલીયા તથા મુકામસીંગ ઉર્ફે મુકેશ ભોલીયાભાઇ માવી એમ બંને જણા મધ્યપ્રદેશ પોત-પોતાના વતનમાં ભાગી ગયેલ.

આ ગુનામાં પકડાયેલ મધ્યપ્રદેશના આરોપીઓએ ગુજરાત રાજ્યમાં અગાઉ આ પ્રકારના કોઇ ગુનાઓ કરેલ છે કે કેમ, તે અંગે પણ તપાસ શરૂ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



## પ્રેસનોટ – તા.૧૨/૧૦/૨૦૨૨

## સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારનાં જીરા ગામેથી બોગસ ડોક્ટરને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઇ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનર ને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી અંગે ચેકીંગ હાથ ધરી ગેરકાયદેસર મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાં આપેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરોની ડિગ્રી વગર કલીનિક ચલાવી મેડિકલ પ્રેક્ટિસ કરી આવા કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને શ્રી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ.ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, જીરા ગામે ચોરા પાસે, રહેણાંક મકાન ભાડેથી રાખી ગેરકાયદેસર દવાખાનુ/કલીનિક ચલાવતા હોય, જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, જુના સાવર તથા ફાર્માસીસ્ટ સાથે રેઇડ કરતા મજકુર ઈસમોને એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઇન્જેકશન તથા સિરપની બોટલો-ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપીઓ :-

શૈલેષભાઇ ધનજીભાઇ બોરીસાગર, ઉ.વ.૪૧, ધંધો-ડોકટર રહે.સાવરકુંડલા, મહુવા રોડ, પંચવટી સોસાયટી, તા.સાવરકુંડલા, જી.અમરેલી.

**<u>કબ્જે કરેલ મુદ્દામાલ</u>** ઃ-

મજકુર પકડાયેલ ઈસમ શૈલેષભાઇ ધનજીભાઇ બોરીસાગર, ઉ.વ.૪૧, ધંધો-ડોકટર રહે.સાવરકુંડલા, મહુવા રોડ, પંચવટી સોસાયટી, તા.સાવરકુંડલા, જી.અમરેલીવાળા પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ-૧૪ કુલ કિ.રૂા.૩,૭૯૮/- ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને મજકુર ઈસમ વિરૂધ્ધ ગુનો રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ શ્રી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક બોગસ ડોક્ટરને એલોપેથીક દવાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



## પ્રેસનોટ – તા.૧૩/૧૦/૨૦૨૨

## અમરેલી જિલ્લાનાં ધારી પોલીસ સ્ટેશનનાં વિસ્તારમાંથી ગેરકાયદેસર ફુલછોડની આડમાં ગાંજાનાં છોડનું વાવેતર કરનાર આરોપીને લીલા ગાંજાનાં છોડ સાથે ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા જરૂરી સુચનાં આપવામાં આવેલ હોય, તથા એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમ ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, ધારી તાલુકાનાં સરસીયા ગામે જગ્યાવાળુ પરા તરીકે ઓળખાતા વિસ્તારમાં રહેતો હસમુખભાઇ મધુભાઇ વાઘેલાના તા.ધારી, જિ.અમરેલીવાળા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગેરકાયદેસર માદક પદાર્થ ફુલછોડની આડમાં ગાંજાનાં છોડનું વાવેતર કરેલ છે તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપી ::-

હસમુખભાઇ મધુભાઇ વાઘેલા, ઉ.વ.૫૧, ધંધો.મજુરી, રહેવાસી ગામ-સરસીયા, જગ્યાવાળુ પરૂ, તા.ધારી, જિ.અમરેલી.

કબ્જે કરેલ મુદ્દમાલ ::-

વનસ્પિત જન્ય લીલા ગાંજાના છોડ નંગ-૬ વજન ૧ કિલો ૯૬૦.ગ્રામ કિ.રૂા.૯,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે મજકુર ઈસમને વધુ તપાસ અર્થે ધારી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.,શ્રી સર્કલ પો.ઈન્સ., ધારી, તથા એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક ઈસમને ફુલછોડની આડમાં ગાંજાનાં છોડનાં વાવેતર સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

# <u>પ્રેસનોટ – તા.૧૪/૧૦/૨૦૨૨</u>

## <u>ચલાલા ટાઉનમાં આવેલ એગ્રોની દુકાનમાંથી ધોળા દિવસે રોકડ રકમની ચોરી કરી નાસી જનાર બે ઇસમોને ચોરીમાં ગયેલ રોકડ રકમ તથા નાસી જવા માટે ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ સહિત કુલ કિં.રૂ.૫૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

➡ <u>ગુન્હાની વિગતઃ-</u>

ગઇ તા.૧૧/૧૦/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ થી ૧૦/૧૫ દરમ્યાન ચલાલા ટાઉનમાં આવેલ ''શિવમ એગ્રો કેમિકલ્સ'' નામની દુકાનના માલિક અશોકભાઇ અરજણભાઇ કાકડીયા, ઉ.વ.૫૩, રહે.ચલાલા, તા.ધારી, જિ.અમરેલી વાળા પોતાની દુકાનેથી કુદરતી હાજતે બહાર ગયેલ, તે દરમ્યાન એક અજાણ્યા ઇસમે મોઢે રૂમાલ બાંધી દુકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી, ચાર વાર દુકાનની અંદર બહાર જઇ, દુકાનમાં ગલ્લામાં રાખેલ અલગ અલગ દરની ચલણી નોટો મળી કુલ રૂા.૩૫,૦૦૦ -/ની રોકડ રકમની દિવસે ચોરી કરેલ અને બીજો ઇસમ એક મોટર સાયકલ લઇને આવતાં, તેના મોટર સાયકલમાં બેસી નાસી જઇ, બંને ઇસમોએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોય, જે અંગે અશોકભાઇ અરજણભાઇ કાકડીયાએ ફરિયાદ આપતાં **ચલાલા પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૧૩૨૨૦૫૦૭/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦, ૪૧૪, ૧૧૪** મુજબનો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા ચલાલા ટાઉનમાં બનવા પામેલ ચોરીના ગુનાના આરોપીઓને શોધી કાઢવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. **વાયરલેસ પો.સ.ઇ.શ્રી તથા અમરેલી નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરના સ્ટાફ**ની મદદથી આરોપીઓ દ્વારા નાસી જવા માટે ઉપયોગમાં લઇ શકે તેવા તમામ એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પરના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરવામાં આવેલ હતાં. સી.સી.ટી.વી. ફુટેજના અભ્યાસ દરમિયાન આરોપીઓના વર્ણન અને તેમના મોટર સાયકલ અંગે માહિતી મળેલ હતી. જે આધારે આરોપીઓ અંગે તપાસ કરી, બંને આરોપીઓને ચલાલાથી ગોપાલગ્રામ ગામ તરફ જવાના રસ્તેથી પકડી પાડવામાં આવેલ છે.

➡ <u>પકડાયેલ આરોપીઃ-</u>

**(૧) અહેમદ મુન્નાભાઇ ચામડીયા, ઉ.વ.૨૬, ધંધો– રીક્ષા ડ્રાઇવિંગ, રહે.ગોંડલ, મોટી બઝાર, જીપારેક શેરી, તા.ગોંડલ, જિ.રાજકોટ.**

**(૨) રવિ રમેશભાઇ ગોંડલીયા, ઉ.વ.૨૫, ધંધો – મજુરી રહે.ગોંડલ, સામા કાંઠા વિસ્તાર, તા.ગોંડલ, જિ.રાજકોટ.**

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

**રોકડા રૂ.૩૦,૦૦૦/- તથા એક હીરો હોન્ડા ડીલક્ષ મોટર સાયકલ GJ-20-J-8322 કિં.રૂ.૨૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૫૦,૦૦૦/- નો મુદ્દામાલ.**

➡ **<u>પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-</u>**

પકડાયેલ આરોપી પૈકી અહેમદ મુન્નાભાઇ ચામડીયા વિરૂધ્ધ રાજકોટ, જુનાગઢ, જામનગર જિલ્લાઓ નીચે મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

(૧) કાલાવડ ટાઉન પો.સ્ટે. જિ.જામનગર ફ. ગુ.ર.નં.૨૬/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૪૭, ૩૮૦,૧૧૪ મુજબ.

(૨) માંગરોળ પો.સ્ટે. જિ.જુનાગઢ એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૮૨૧૦૫૭૧/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૮૦, ૧૧૪

(૩) જામજોધપુર પો.સ્ટે. જિ.જામનગર ફ. ગુ.ર.નં.૪૫/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧

(૪) કાલાવડ પો.સ્ટે. જિ.જામનગર ફ. ગુ.ર.નં.૨૮/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

(૫) જામજોધપુર પો.સ્ટે. જિ.જામનગર ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.

(૬) જામજોધપુર પો.સ્ટે. જિ.જામનગર ફ.ગુ.ર.નં.૪૬/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧ મુજબ.

(૭) રાજકોટ શહેર બી.ડીવી. પો.સ્ટે. સે.ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૧૨૧૦૨૯૬/૨૦૨૧, જુગાર ધારા કલમ ૧૨ મુજબ.

(૮) રાજકોટ શહેર કુવાડવા પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૭૫/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૩૮૦ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા વાયરલેસ પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ તથા અમરેલી નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરના સ્ટાફ** દ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – તા.૧૫/૧૦/૨૦૨૨

# અમરેલી સીટી પોલીસ સ્ટેશનના જુગાર ધારાના ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી

**પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુ.રા. ગાંધીનગર** નાઓ દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૧૫/૧૦/૨૦૨૨ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હોય, **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ તથા **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, નાસતા ફરતા આરોપીઓ અંગે માહિતી મેળવી, તેમને પકડી પાડી, તેમના વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** આજ રોજ તા.૧૫/૧૦/૨૦૨૨ નાં અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે **અમરેલી સીટી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૧૦૩/૨૦૧૧, જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ**ના કામે પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા આરોપીને અમરેલી ખાતેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**મનીષભાઇ ઉર્ફે પુનમ ઉર્ફ ટપુ બીહારીભાઇ પરમાર, ઉ.વ.૫૨, રહે.રાજકોટ, ૨૦૩, રેસકોર્ષ પાર્ક, એરપોર્ટ રોડ, તા.જી.રાજકોટ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમે** ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ – તા.૧૫/૧૦/૨૦૨૨</u>

# <u>પીપાવાવ મરીન પો.સ્ટે. વિસ્તારના દેવપરા- ભેરાઇ ગામ નજીક બનેલ ફેટલ અકસ્માતના અડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી, આરોપીને પકડી પાડતી, ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

➡ <u>ગુન્હાની વિગતઃ-</u>

ગઇ તા.૦૯/૧૦/૨૦૨૨ ના રોજ સવારના પાંચેક વાગ્યે જીગરભાઇ પ્રવિણભાઇ બાંભણીયા રહે.દેવપરા, ભેરાઇ તા.રાજુલા જિ.અમરેલી વાળો પોતાનું મોટર સાઇકલ I-સ્માર્ટ રજી નં. GJ-01-EZ-9753 નું લઇને પોતાની બહેન મમતાબેન કે જે સિન્ટેક્ષ કંપનીમાં કામ કરતા હોય, કંપનીની બસ ફોર-વે ચોકડીએ આવતી હોય, જેથી તેને મુકવા ફોર – વે ચોકડીએ જતા હોય તે વખતે સાકરીયા હનુમાનજીના મંદિર પાસે કોઇપણ રીતે જીગરભાઇનું મોટર સાયકલનું અકસ્માત થતા જીગરભાઇને વધુ પડતું વાગી જતા મરણ થયેલ છે. અને મમતાબેનને વધુ પડતું વાગી જતા વધુ સારવારમાં મહુવા હોસ્પીટલમાં દાખલ કરેલ હોય, જે અંગે જીગરભાઇના પિતા પ્રવિણભાઇ નાનજીભાઇ બાંભણીયા, ઉ.વ.૫૨, રહે.દેવપરા, ભેરાઇ, તા.રાજુલા, જિ.અમરેલીવાળા ફરીયાદ જાહેર કરતા **પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૪૫૨૨૦૪૧૦/૨૦૨૨, આઇ.પી.સી. ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪અ, તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪** મુજબનો ગુનો રજી. થયેલ. જે ગુનાની તપાસ દરમ્યાન કોઇ અજાણ્યા વાહન ચાલકે પુર ઝડપે અને બેફીકરાયથી વાહન ચલાવી, મરણ જનાર જીગરભાઇ પ્રવિણભાઇ બાભણીયાના મોટર સાયકલ સાથે ભટકાડી, જીગરભાઇ તથા મમતાબેનને ગંભિર ઇજાઓ કરી, જીગરભાઇનું મોત નિપજાવી, વાહન લઇ નાસી ગયેલ હોવાની હકિકત જણાય આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેકટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં અનડીટેકટ ગુનાના આરોપીને શોધી કાઢી, અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા તેમજ તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** ફેટલ અકસ્માતના આરોપીને શોધી કાઢવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ અને બનાવ સમય દરમ્યાન બનાવ સ્થળથી પસાર થતા વાહનો અંગે માહિતી મેળવવામાં આવેલ, જે આધારે આરોપી અંગે તપાસ કરી, અકસ્માતમાં સંડોવાયેલ આરોપીને ગઇ કાલ તા.૧૪/૧૦/૨૦૨૨ નાં રોજ ફોરવે ચોકડી પાસેથી અકસ્માતમાં સંડોવાયેલ ટ્રેકટર સાથે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા **પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ <u>પકડાયેલ આરોપીઃ-</u>

**હિંમતભાઇ સોમાભાઇ મકવાણા, ઉ.વ.૫૨, રહે.રાજુલા, કુંભારીયા વિસ્તાર, તળાવના કાંઠે, જિ.અમરેલી.**

➡ <u>પકડાયેલ આરોપીની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-</u>

પકડાયેલ આરોપી ગઇ તા.૦૯/૧૦/૨૦૨૨ નાં સવારના ચારેક વાગ્યે પોતાનું મેસી ફર્ગ્યુસન સ્ટાન્ડર્ડ કંપનીનું ટ્રેકટર ટ્રોલી સાથેનું લઇ પીપાવાવ પોર્ટ તરફ તરફ જતા હોય, તે દરમ્યાન દેવપરા - ભેરાઇ ગામ નજીક, સાકરીયા હનુમાનજીના મંદીર પાસે આરોપી પોતાનું ટ્રેકટર રોંગ સાઇડમાં ચલાવતા હોય તે દરમ્યાન એક મોટર સાયકલ સાથે ટ્રેકટરનું અકસ્માત થતા આરોપી પોતાનું ટ્રેકટર લઇને નાસી ગયેલ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. તથા પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.